
ઉપવિત બોધ.




રચનાર એક સૂર્યોપાસક.

(સુરત ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ.)

સંવત ૧૯૪૮—સને ૧૮૯૧.

કીમત એક આનો.

ઉપવિત બોધ.



રચનાર એક સૂર્યોપાસક.

(સુરત ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ.)

—૦—

સંવત ૧૯૪૮—સને ૧૮૯૧.

—

કીમત એક આનો.

ટીપ—આ ગીત ત્રણ ઢાળે ગાઇ શકાયછે. ૧ લગનમાં ગવાતાં ગણપતિના ગીતને ઢાળે, ૨ શ્રીકૃષ્ણના જનોઇના ગીતને ઢાળે, અને ૩ સાધારણ ચોપાઇને ઢાળે. જ્યારે શ્રીકૃષ્ણના જનોઇના ગીતને ઢાળે ગાવું હોય ત્યારે કડીને અંતે "રે" છે તેને ઠેકાણે "જુ" બોલી "જનોઇ ગાઇએ સૂર્ય ભક્તનારે" એટલું વળણ દરેક કડીને અંતે બોલવું અથવા ઇચ્છા હોય તો જે છોકરાના સંબંધનું કર્મ હોય તેનું નામ કડીમાં બંધ બેસતું આવતું હોય તો તેનું નામ "સૂર્યભક્ત" શબ્દને ઠેકાણે દાખલ કરીને ગાવું. જ્યારે ચોપાઇને ઢાળે ગાવું હોય ત્યારે કડીને અંતે "રે" અક્ષર છે તે છોડી દેવો.

ઉપવિત બોધ.

પ્રથમ શ્રી ગણપતિનું નામ લીજે
સાગરી સરસ્વતિને કાર્ય કીજેરે. ૧
થાજો સહાય મુને શારદાય
કહુ જનોઈ તણો મહિમાયરે. ૨
સૃષ્ટિ સુંદર બ્રહ્માએ કીધી
ઉત્તમ દેહ મનુષ્યને દીધીરે. ૩
કાર્ય ધર્મે વર્ણો ચાર સ્થાપી
તેમાં શ્રેષ્ટતા બ્રાહ્મણને આપીરે. ૪
પ્રાણીમાત્ર છે પ્રભુને સમાન
બ્રહ્મ જ્ઞાને બ્રાહ્મણ કેરૂં માનરે. ૫

શ્રુતિ સ્મૃતિ છે જ્ઞાન ભંડાર
જે છે મોક્ષ તણો આધારરે. ૬
કરવો એ માટે વેદ અભ્યાસ
જ્ઞાન બુદ્ધિનો થાય પ્રકાશરે. ૭
વાચા બાળની થઇ શુદ્ધ સારી
એજ પાત્રતા પ્રથમ વિચારીરે. ૮
શરણે ગુરૂજીને જાવું એ ધર્મ
ઉપ-નયન તણો છે એ મર્મરે. ૯
ઉપ-નયન છે યોગની નીતિ
કહું જનોઈ કરવા તણી રીતિરે. ૧૦
લેવું રૂ નિર્મળ શુદ્ધ શ્વેત
કાંતી સૂત્ર કરવું ધરી હેતરે. ૧૧

કાંતે બ્રાહ્મણ કે સ્ત્રી એ સૂત્ર
કાંતે વિધવા તોએ તે પવિત્રરે. ૧૨
ચાર આંગળીને મૂળે લેવા
છંનેવ આંટા એ સૂત્રના દેવારે. ૧૩
સૂત્ર કાચું એ ત્રેવડું (ત્રિગુણિત) કરવું
વળ ચઢતો દઇને તે વણવુંરે. ૧૪
ત્રણ તારો ગાય દોરો એ જેવો
તેને ત્રેવડી સવળ વળ દેવોરે. ૧૫
આંટા ત્રણ દો વાળી પલાંઠી
લઇ આંટી વાળો બ્રહ્મ ગાંઠીરે. ૧૬
કૃતિ જેથી જનોઇ સિદ્ધ થાય
તેના મર્મનો કહું મહિમાયરે. ૧૭

બાત્ર નીતિનો છે એમાં સારો
દેહુ આદિના ધર્મ વિચારોરે. ૧૮
જેના જ્ઞાન થકી સુખ થાય
તેમજ મુકિતનો માર્ગ સત્રાયરે. ૧૯
લીધું રૂ નિર્મળ નમ્ર શ્વેત
રાખો હૃદય એજ વિવેકરે. ૨૦
રૂનું સૂત્ર સરળ જેમ વાધે
જ્ઞાન બુદ્ધિની વૃદ્ધિથી સાધેરે. ૨૧
ચાર આંગળીયો તે ચારે વેદ
તેના કર્મ ને જ્ઞાન બે ભેદરે. ૨૨
કર્મ વડે સર્વ અનુભવ થાય
જ્ઞાન પ્રાપ્તિ ગુરૂથી કરાયરે. ૨૩

પુરૂષ પરિમાણ છે ચાર હાથ
તેનાં આંગળ છંનેવ સાક્ષાતરે. ૨૪
માપ પોત પોતાનુંજ લેવું
એમ ઋષિ મુનિયોનું છે કહેવુંરે. ૨૫
મહા શક્તિ ત્રણ અને તત્વ પાંચ
ઇન્દ્રિય દશ વિદ્યા ચૌદ વાંચરે. ૨૬
એ બત્રીશ માંહે મેળવાય
કળા ચોસંઠ તો છંનેવ થાયરે. ૨૭
સંખ્યા ત્રણના ઉત્તમ મર્મો
સત્વ રજ તમ દેહના ધર્મોરે. ૨૮
શક્તિ ઉત્પત્તિ સ્થિતિ ને નાશ
તે બ્રહ્મા વિષ્ણુ ને રૂદ્ર સાક્ષાતરે. ૨૯

નવ તંતુના છે નવ દેવો
ઓંકાર અગ્નિ નાગને સેવોરે. ૩૦
સોમ પિતૃ પ્રજાપતિ લઇએ
વાયુ સૂર્ય વિશ્વેદેવા કહિયેરે. ૩૧
કુંભક રેચક પૂરક પરિજ્ઞાન
લઘુ સમાધિ નવ પ્રાણાયામરે. ૩૨
નવડાથી નવે અંકો સધાય
તે નવથી સર્વ ગણિત ગણાયરે. ૩૩
બીજા મર્મો એમાં છે અપાર
પણ તે ગણતાં લાગે ઘણી વારરે. ૩૪
અર્થ ટુંકો સમજાવ્યો એવો
હેતુ સૃષ્ટિ સમગ્રનો લેવોરે. ૩૫

ગુહ્યો વેદ વિદ્યાના ગંભિર
પ્રવેશક દિક્ષા એ જ્ઞાન મંદિરરે. ૩૬
યજ્ઞોપવિતે ગાયત્રિ ઉપદેશ
જેમાં રહ્યો છે શ્રેષ્ટ ઉદ્દેશરે. ૩૭
સૂર્ય છે સૃષ્ટિ જીવન સાક્ષાત
માટે બ્રાહ્મણ સેવે અહોરાતરે. ૩૮
જીવન શકિતનો ધરીને ઉદ્દેશ
પુત્રી ગાયત્રિને ભજે છે હમેશરે. ૩૯
એનેજ બ્રાહ્મણ માને છે ઇષ્ટ
જેથી નાશે સર્વ અરિષ્ટરે. ૪૦
યોગ્યતા ઉપદેશકનો વિચાર
કહુ કોહોનો આદિ અધિકારરે. ૪૧

પ્રથમ પિતાજીનો છે મુખ્ય પક્ષ
તેને અભાવે પ્રપિતા સમક્ષરે. ૪૨
તે નહિં તો કરે કાકા ઉપદેશ
પછી જેષ્ટ બંધુનો જાણો શ્રષ્ટરે. ૪૩
ક્રમ સંબંધે વહિલ અધિકાર
કહ્યો ધર્મ સિંધુમાં વિસ્તારરે. ૪૪
ઉપવિત સંખ્યાનો એવો વિવેક
બ્રહ્મચારીએ ધરવું એકરે. ૪૫
સ્નાતક બ્રાહ્મણને બે ઉચિત
વસ્ત્રાભાવે ત્રિજું તો ખચિતરે. ૪૬
છે પિતા કે જેષ્ટ બંધુ જીવંત
તેને ત્રિજાંનો છે પ્રતિબંધરે. ૪૭

સ્પર્શાસ્પર્શનો દોષ ગણાય
ત્રુટે ભોંય પડે કે ખોવાયરે. ૪૮
વિધિ પ્રાયશ્ચિત્તનો છે વિવેક
જુદા જુદા પરત્વે પ્રત્યેકરે. ૪૯
ઉપવિત કંઠય સર્વદા ધરવું
દેવ કર્મ સવ્યે આચરવુંરે. ૫૦
પિતૃ કાર્યે અપસવ્યે કરાય
ઉપવિત વ્યવહાર એવો જણાયરે. ૫૧
વર્ણાશ્રમે જુદા જુદા કાળ
બ્રાહ્મણ, ક્ષત્રિ ને વૈશ્યના બાળરે. ૫૨
ગણી જન્મથી કે ગર્ભસ્થિતિ
વર્ષ પાંચ કે આઠની નીતિરે. ૫૩

અવરોધે બ્રાહ્મણના બાળ
વર્ષ સોળ સુધીનો છે કાળરે. ૫૪
ક્ષત્રિય વર્ણે અગિયાર કે બાર
અડચણુ બાવિશ લગીનો આધારરે. ૫૫
બાર કે સોળ એ વૈશ્યની રીત
ચોવિસ પર્યંત પણ છે ઉચિતરે. ૫૬
ધન પ્રાપ્તિની ઇચ્છા જો હોય
વર્ષ છઠ્ઠે અધિક ફળ જોયરે. ૫૭
વિદ્યા વૃદ્ધિની વાંચ્છના થાય
તો વર્ષ સાતમે સિદ્ધિ ગણાયરે. ૫૮
જો કીર્તિ કેરો ધરો અભિલાષ
વર્ષ નવમે કર્યાથી પુરે આશરે. ૫૯

પ્રાપ્તિ એ સર્વ તણું હોય મન
ખચિત કરો આઠમે ઉપ નયનરે. ૬૦
માસ દિવસ વાર ને ગ્રહબળ
જોશી પાસે જોવડાવો શુભ ફળરે. ૬૧
લેવું મુહૂર્ત અવિચ્છિન્ન જોઇ
કરો શાન્તિ નિર્બળ ગ્રહ કોઇરે. ૬૨
ગુરૂ ઘેર જાતાં મામા લાવે સાહી
બાળક બુદ્ધિથી જાઓ ભોળવાઇરે. ૬૩
વ્યવહારની એ મિથ્યા ઠગાઇ
વિદ્યા કળાથી સર્વે કમાઇરે. ૬૪
લઇ ઉપદેશ પાળે બ્રહ્મચર્ય
તો શિખે જ્ઞાન વિવેક ચાતુર્યરે. ૬૫

કર્મ વિધિનો વિસ્તાર અપાર
સંક્ષેપ માત્રે કહ્યો આંહીં સારરે. ૬૬
કર્મ અંતે ગુરૂ ચરણે જાય
પછી માત પિતાને લાગે પાયરે. ૬૭
શિખામણ ગુરૂ દેરે આશિશ
સુણે મુજીઓ નમાવીને શીશરે. ૬૮
કાર્ય અનીતિ તણાની મનાઇ
ખચિત પાળો પરમ પવિત્રાઇરે. ૭૯
અખાદ્ય ઉચ્છિષ્ટ ખાવું ન કદાપિ
થાય બુદ્ધિ મલીન ને પાપીરે. ૭૦
આજ્ઞા માત પિતાની ના લોપો
થાજો સદ્‌ગુણી લઈ રૂડા ઓપોરે. ૭૧

ન કરો સંગત કૂડા જનોની
વૃત્તિ વારો નઠારાં મનોનીરે. ૭૨
દાઝ દયા દુર્બળની ધરજો
વ્રત સત્યનું દઢ આચરજો. ૭૩
દીર્ઘાયુષ પુત્ર પરિવાર
પામો લક્ષ્મિ તણા ભંડારરે. ૭૪
આ સદ્બોધ ગવાડે કે ગાય
તેના પુરોહિત જગન્નાથ સહાયરે. ૭૫

* સમાપ્ત *